BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
Azadi Ka Amrit Mahotsav

પરિપત્ર:

**વિષય: IPDC AWARENESS અંગેનાં વર્કશોપમાં ઉપસ્થિત રહેવા બાબત.**

**સંદર્ભ: અત્રેની યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક બીકેએનએમયુ/એકેડેમિક/૬૫૦/૨૦૨૨, તા.૨૭/૦૫/૨૦૨૨.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત સંદર્ભ અન્વયે જણાવવામાં આવે છે કે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓમાં મૂલ્યો અને નિતીશાસ્ત્રને સ્થાપિત કરવા માટે **"ઇન્ટીગ્રેટેડ પર્સનાલીટી ડેવલપમેન્ટ કોર્ષ"** શરૂ કરવામાં આવેલ છે જે વિદ્યાર્થીઓએ સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૨ માં પૂર્ણ કરવાનો થાય છે. જેનું અમલીકરણ વર્ષ ૨૦૨૨-૨૦૨૩થી કરવાનું થાય છે.

ઉપરોક્ત વિગતે જણાવવાનું કે અત્રેની યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને સંસ્કારયુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય અને તેઓનું સર્વાંગી ઘડતર થાય તે હેતુથી "Heart of Education" ના મધ્યવર્તી વિચાર સાથે માન.કુલપતિશ્રીનાં અધ્યક્ષ સ્થાને તા.૨૦/૦૬/૨૦૨૨ ને સોમવારે એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. શૈક્ષણિક ક્ષેત્રના અગ્રેસર વ્યક્તિ તરીકે આપણા હાથમાં યુવાનોનું ભવિષ્ય છે અને યુવાનો જ આવતીકાલના ભારતનું ભવિષ્ય છે જેથી યુવાનોને સંસ્કારયુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય અને તેઓનો સર્વાંગી વિકાસ થાય તેમજ યુવાનોનાં ઉત્કર્ષના એક ઉમદા હેતુને સિધ્ધ કરવા આ કાર્યક્રમમાં **યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તેમજ એક ફેકલ્ટીએ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.** નીચેની લીંક પર ક્લિક કરી ઉપસ્થિત રહેનાર વ્યક્તિઓ ની વિગત અંગ્રેજીમાં ભરી તા:૧૮/૦૬/૨૦૨૨ બપોરે ૨:૦૦ વાગ્યા સુધીમાં સબમિટ કરી આપવા વિનંતી.
https://docs.google.com/forms/d/e/1FAIpQLSdX3IrYOgYWw_gPPIt2X7bLMvnUy4fOyDeqSJzw1FitRNTXAg/viewform?usp=pp_url

કાર્યક્રમની વિગત નીચે મુજબ છે.

કાર્યક્રમનું સ્થળ: ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી કોન્ફરન્સ હોલ, જૂનાગઢ.
કાર્યક્રમની તારીખ: તા.૨૦/૦૬/૨૦૨૨
કાર્યક્રમનો સમય: સવારે ૧૦:૩૦ થી બપોરે ૧:૩૦
(કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ભોજન અંગીકાર કરી સૌએ વિદાય થવાનું રહેશે)

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૭૩૫/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૬/૦૬/૨૦૨૨

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...